ગાંધીનગર સમાચાર

તા. ૨૧-૫-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### પરાજયનું પોસ્ટમોર્ટમ

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ તરીકે ઓળખાતી પરિવાર આધારિત પાર્ટીનું આ વખતની ચૂંટણીમાં જે ધોવાણ થયું છે તે એના 'રાષ્ટ્રીય' વિશેષણને પણ શંકાસ્પદ બનાવી મૂકે એ બરનું છે. ગંગોત્રીમાંથી નીકળેલી ગંગા સમુદ્ર સુધી પહોંચતાં પહોંચતાં જેમ ગંદી-ગોબરી થઈ જાય છે તેમ હ્યુમ અને સુરેન્દ્રનાથ બેનરજીએ ૧૮૮૫ના વર્ષમાં સ્થાપેલી કોંગ્રેસ ગોખલે- ટિળક- ગાંધીના ખભે ચડીને દેશની આઝાદીનું સૌથી મોટું પ્રેરક બળ બન્યા પછી સ્વતંત્ર ભારતમાં સળંગ સત્તાસ્થાને રહી હતી તે ધીમે ધીમે એનું વજૂદ અને વક્કર ગુમાવતી ગઈ છે. છેલ્લે એ ડૉ. મનમોહનસિંહ અને સોનિયા ગાંધીના સંયુક્ત નેતૃત્વ હેઠળ ગઠબંધન સરકારનું નેતૃત્વ કરતી હતી. પોતાની આગવી બહુમતી પર તો ફક્ત ઈન્દિરા ગાંધી અને એમની હત્યા પછી સહાનુભૂતિના મોજા પર રાજીવ ગાંધીના શાસનકાળ દરમિયાન જ રહેલી કોંગ્રેસને વારંવાર પછડાટ ખાઈને ફિનિક્સ પંખીની જેમ પુનર્જીવન પ્રાપ્ત કરવાનો કીમિયો હાથવગો હોવાનો એક ખ્યાલ પણ એના કાર્યકરોમાં પ્રવર્તતો રહ્યો છે. કોંગ્રેસનું નેટવર્ક દેશના ખૂણેખૂણે પથરાયેલું હોવાને કારણે વૈકલ્પિક શાસનની નિષ્ફળતાનો એને લાભ પણ મળતો રહ્યો છે. પ્રજા બીજે જાય પણ ક્યાં? આ 'ધૅર ઈઝનો ઑલ્ટરનેટિવ'- 'ટીના' ફૅક્ટર વારંવાર છેક ખાઈમાં ધરબાઈ ગયેલા સવાસો વર્ષ જૂના રાજકીય સંગઠનને ફળતો રહ્યો છે. ઈન્દિરા ગાંધીની ઈમરજંસી પછીની હકાલપટ્ટી વખતે એમ જ લાગતું હતું કે હવે કોંગ્રેસ ગઈ! પરંતુ સત્તાની સાઠમારીમાં જેપીનું સપનું રોળાતાં વાર નહોતી લાગી તે સર્વવિદિત છે. વી.પી.સિંહના વેવમાં કોંગ્રેસ ફરી એકવાર ઘરભેગી થઈ હતી અને 'બોફોર્સ' શબ્દનો આખો અર્થ જ બદલાઈને ભ્રષ્ટાચારનો પર્યાય બની ગયો હતો. તેમ છતાં, કોંગ્રેસે ફરી એકવાર રાજીવ ગાંધીની હત્યાની સહાનુભૂતિના મોજા પર ચઢી પુનરાગમન કર્યું હતું. એ પછી નરસિંહરાવના શાસનકાળમાં જ રામજન્મભૂમિ આંદોલન અને બાબરી ધ્વંસ જેવી ઘટના બની હતી, જે હિંદુ મતોના ધ્રુવીકરણમાં પરિણમતાં ભારતીય જનતા પાર્ટીના નેજા હેઠળ ઍનડીએની સરકારનું શિલારોપણ સિદ્ધ થઈ હતી. પરંતુ કોંગ્રેસને ૨૦૧૪ની સોળમી લોકસભાની ચૂંટણીમાં જ મરણતોલ ફટકો પડયો છે તેવી સ્થિતિ અગાઉ કયારેય સરજાઈ નહોતી. અગાઉ કોઈએક જ કોંગ્રેસવિરોધી પક્ષ આટલી બધી બેઠકો લાવી શકેલ નથી. મોરારજી દેસાઈના નેતૃત્વવાળી 'જનતા પાર્ટી' હકીકતમાં ગઠબંધનથી વિશેષ કંઈ જ નહોતી. આ વખતે નરેન્દ્ર મોદીના કરિશ્માઈ નેતૃત્વ અને વક્તૃત્વથી પ્રભાવિત થયેલ મતદાતાઓએ ભારતીય જનતા પાર્ટી કરતાં વિશેષ સુશાસન આપવા માટે સક્ષમ એવા વડાપ્રધાનપદના ઉમેદવારને નજર સમક્ષ રાખી મતદાન કર્યું છે. આ એક વિશિષ્ટ ઘટના છે. ઈન્દિરા ગાંધીની જેમ 'નઈ રોશની' લાવી શકે એવા એક સબળ રાષ્ટ્રીય નેતા તરીકે જનસાધારણ નરેન્દ્ર મોદી પાસે ઊંચી અપેક્ષાઓ રાખી વર્તમાન મોંઘવારી, ભ્રષ્ટાચાર, બેરોજગારી અને સલામતી જેવા મુદ્દાઓ પર એમનું સમર્થન કરે છે. કોંગ્રેસે એક જ પરિવારમાંથી ઊર્જા મેળવવાનો શિરસ્તો ચાલુ રાખીને એના 'પોત'ને સતત પાતળું પડવા દીધું છે. રાહુલ ગાંધીએ આ મુદ્દો પાર્ટીના સ્તરે ઉઠાવ્યો પણ હતો અને છેક બ્લૉક લેવલે- તાલુકા સ્તરે કોંગ્રેસ મજબૂત બને, જિલ્લે જિલ્લે યુવાન કાર્યકરો જનતાના પ્રશ્નો માટે નિઃસ્વાર્થભાવે દોડતા થાય, રાજયદીઠ એવા એક-બે નેતાઓ તૈયાર થાય જે જરૂર પડયે રાષ્ટ્રીય જવાબદારીનું પણ વહન કરી શકે- એ માટે એક માસ્ટર પ્લાન પણ તૈયાર કર્યો હતો. પરંતુ સરકારની સામે જે તત્કાળ ઉકેલ માગતી સમસ્યાઓ હતી- ખાસ તો કમરતોડ મોંઘવારી અને ભ્રષ્ટાચાર- એને હલ કરવામાં ડૉ. મનમોહનસિંહની સરકાર સદંતર નિષ્ફળ રહી, એથી રાહુલ ગાંધીની મહેનત પાણીમાં ગઈ. પાર્ટીને મુશ્કેલ પરિસ્થિતિમાંથી ઉગારનાર 'તારણહાર' માત્ર આ નહેરુ-ગાંધી પરિવારમાંથી જ શોધવો પડે એવી મજબૂરી અને લાચારી અનુભવતા કોંગ્રેસીઓએ એમના પગ નીચેથી સરકી ગયેલી જમીન પાછી મેળવવા માટે નક્કર કાર્યક્રમ અને કઠોર પરિશ્રમનો વિકલ્પ વિચારવાને બદલે ચહેરા બદલવાના સહેલા વિકલ્પો જ વિચાર્યે રાખ્યા છે. હાર્યા પછી, નામશેષ થઈ ગયા પછી પણ કોંગ્રેસીઓ એક જ પરિવારના આશ્રયે સલામત હોવાની શાહમૃગવૃત્તિ ધરાવે છે.

# વિદ્યાર્થીઓને આવતા વર્ષથી લેમીનેશન ધરાવતી માર્કશીટ

### વર્તમાન વર્ષમાં વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાની માર્કશીટ લેમિનેશન વગરની મળશે : ચાલુ વર્ષમાં ઉદાસીનતા રહી

અમદાવાદ, તા.૨૦

ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાની લેમીનેશન વાળી માર્કશીટ અંગે વિવાદ સર્જાયો હતો. જો કે રાજ્ય સરકારે દખલગીરી કરીને તમામ વિદ્યાર્થીઓને લેમીનેશનવાળી માર્કશીટ આપવા જણાવ્યું હતું પરંતુ વિવાદમાં સમય વેડફાયા બાદ લેમીનેશનની પ્રક્રિયા માટે પૂરતો સમય ન બચતા કોઈ કંપની પરીણામ પહેલા લેમીનેશનની કામગીરી કરવા તૈયાર નથી જેના કારણે ચાલુ વર્ષે વિદ્યાર્થીઓને લેમીનેશન વગરની જ માર્કશીટ અપાશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એસએસસી અને એચએસસીની પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર લેમિનેશન કરેલ માર્કશીટ આપવાની પ્રથી અમલમાં હતી. જે સંદર્ભે ચાલુ વર્ષે તા. ૧૨ જાન્યુઆરીના રોજ માર્કશીટ લેમીનેટેડ કરવા માટેનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું પરંતુ શિક્ષણ બોર્ડની કારોબારી સમિતિના ઠરાવ નંબર ૧૨૫/૧૪ થી માર્કશીટનું લેમીનેશન ન કરવાનો અને ટેન્ડર રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ બાબત રાજ્ય સરકારના ધ્યાનેન આવતા વિશેષ કરીને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ લાંબા સમય સુધી માર્કશીટ સારી રીતે સાચવી શકે તે હેતુથી શિક્ષણ બોર્ડની કારોબારી સમિતિનો ઠરાવ રદ કરીને નિયમ મુજબ લેમીનેશનવાળી માર્કશીટ વિદ્યાર્થીઓને આપવા માટે સુચન કરેલ છે.

આ માટે શિક્ષણ બોર્ડે અગ્ર સચિવના અધ્યક્ષ સ્થાને એક કમિટિની રચના કરી છે જો કે ગત તા. ૧૩મે ૨૦૧૪ના રોજ અગાઉ આવેલ ટેન્ડર ખોલવા માટે શિક્ષણ બોર્ડને સુચના આપી હતી. જે સંદર્ભે તા. ૧૪ મે ૨૦૧૪ના રોજ શિક્ષણ બોર્ડે બંને બિડરોને પોતાના ટેકનીકલ બીડ રજુ કરવા જણાવ્યું હતું. પરંતુ બીડરોએ બોર્ડની પરીક્ષાના પરીણામ પ્રસિદ્ધ થવાની તૈયારી હોઈ કામગીરી માટે પૂરતો સમયગાળો મળતો ન હોવાથી કામગીરી કરી શકવા અસમર્થતા દર્શાવી હતી. જેનું જાણ સમિતિએ ૧૭ મે ૨૦૧૪ના રોજ રાજ્ય સરકારને કરી હતી જેના જવાબમાં રાજ્ય સરકારના શિક્ષણ મંત્રીએ આવતા વર્ષે સમયસર લેમીનેશન અંગેના ટેન્ડરની પ્રક્રિયા પુરી થાય તે રીતે કામગીરી કરવા શિક્ષણ બોર્ડને સુચવ્યું હતું.

# ધોરણ એકથી પાંચના પુસ્તકો નવી કિંમતની સાથે બજારમાં

### બદલાયેલા પુસ્તકોના પગલે વાલીઓએ પુસ્તકોના વધેલા ભાવોને લઈને મોંઘવારી વચ્ચે વધુ બજેટ ફાળવવું પડશે

અમદાવાદ, તા.૨૦

રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા જૂન-૨૦૧૪થી શરૂ થતા નવા શૈક્ષણિક સત્રથી ધોરણ-૧ થી પના પાઠ્યપુસ્તકોમાં ધરમૂળથી પરિવર્તન કરવામાં આવ્યું છે. પહેલા ત્રણ વર્ષ સુધી રાજ્યની પસંદગીની શાળામાં આ પુસ્તકો અજમાયસી ધોરણે મુક્યા હતા ત્યારબાદ તેમાં સુધારા વધારા કરી નવા પાઠ્યપુસ્તકો બજારમાં મુકવામાં આવ્યો છે. આ પાઠ્યપુસ્તકોમાં ધોરણ-૩માં મારી આસપાસ ધોરણ-૪માં અમારી આસપાસ અને ધોરણ-પમાં સૌની આસપાસના નામે પર્યાવરણનો વિષય ભણાવાશે. જો કે બદલાયેલા પુસ્તકોના પગલે વાલીઓએ પુસ્તકોના વધેલા ભાવોને લઈને વધુ બજેટ ફાળવવું પડશે.

રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષથી ગુણોત્સવ મુલ્યાંકનના પરીણામોમાં શિક્ષણની ગુણવત્તામાં ઘટાડો થયો હોવાનાં ચોકાવનારા પરીણામો સામે આવ્યા હતા. જેના પગલે રાજ્ય સરકારનાં શિક્ષણ વિભાગે પ્રાથમિક કક્ષાએ શિક્ષણમાં ધરમૂળથી ફેરફાર કરવાની યોજના બનાવી હતી. આ યોજનાના ભાગરૂપે છેલ્લા ત્રણ વર્ષથી રાજ્યની પસંદગીની શાળાઓમાં ધોરણ-૧ થી પનાં નવા અભ્યાસક્રમ મુજબનાં પાઠ્યપુસ્તકો અજમાયસી ધોરણે ભણાવ્યા આવ્યા હતા. જેમાં મળેલા વ્યાપક તારણો બાદ તેમાં જરૂરી સુધારા-વધારા કરવાની સાથે સતત અને સર્વગ્રાહી મુલ્યાંકન પધ્ધતિ બાદ નવા પાઠ્યપુસ્તકો તૈયાર કરીને બજારમાં મુકવામાં આવ્યા છે. અત્યાર સુધી તમામ ધોરણના પુસ્તકો બ્લેક એન્ડ વ્હાઈટ હતા જ્યારે નવા પુસ્તકો કલરફુલ તૈયાર કરાયા છે. આ સાથે પુસ્તકમાં અલગ-અલગ પ્રકારના વિષયનો સમાવેશ સાથે કલરફુલ ચિત્રો દોરાયા છે. જે બાળકો માટે આકર્ષણનું કેન્દ્ર બનવાની સાથે તેમને જાણકારી પણ પુરી પાડશે. જેમાં સૌથી નોંધનીય બાબત એ છે કે હવે ધોરણ-૩ થી પમાં પર્યાવરણ વિષયનું નામ બદલીને આસપાસ નામ રાખવામાં આવ્યું છે. બાળકો હવે આસપાસના નવા નામે પર્યાવરણનો વિષય ભણાવવામાં આવશે. બાળકો વાંચવા માટે પ્રેરાય અને તેમને જીવનમાં કામ લાગે તેવી પ્રવૃત્તિઓ સાથે નવા પુસ્તકો તૈયાર કરવામાં આવ્યા છે.

## હરિની દૃષ્ટિ...




'દુલ્હા – દુલ્હન મીલ ગયે ફીકી પડી બારાત...' !!

# પૂરતાં વિદ્યાર્થીઓ ન મળતા બિઝનેસ સ્કુલ સીટ ઘટાડશે

અમદાવાદ, તા.૨૦

મેનેજમેન્ટ કોર્ષ કર્યા બાદ વિદ્યાર્થીઓને યોગ્ય પ્લેસમેન્ટ ન મળતા તથા દેશના અર્થતંત્રમાં જોવા મળી રહેલ નરમાશના પગલે દેશની કેટલીક બિઝનેશ સ્કુલો દ્વારા અત્યારે બેઠકો ઘટાડવા અને ફી ઓછી કરવા સહિતના પગલા લેવામાં આવી રહ્યા છે ત્યારે આગામી જૂન માસમાં જ્યારે એડમિશન સિઝન શરૂ થવાની છે ત્યારે અમદાવાદ સ્થિત યુનાઈટેડ વર્લ્ડ બિઝનેશ સ્કુલ દ્વારા એમબીએની બેઠકો ૨૪૦માંથી ૧૮૦ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

તાજેતરમાં વિદ્યાર્થીઓમાં મેનેજમેન્ટ અભ્યાસક્રમ તરફનું આકર્ષણ ઘટી રહ્યું છે ત્યારે મોટાભાગની મેનેજમેન્ટ કોલેજો એકબીજાની બેઠકો ઘટાડવા માટે અરજી કરી રહી છે ત્યારે અમદાવાદસ્થિત યુનાઈટેડ વર્લ્ડ બિઝનેશ સ્કુલ દ્વારા પણ એમબીએની બેઠકો ૨૪૦માંથ ૧૮૦ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ અંગે સંસ્થાના ડાયરેક્ટર રીતેશ હાડાએ જણાવ્યું હતું કે અમે યોગ્ય સ્ટાન્ડર્ડ જાળવવા માંગીએ છીએ. માત્ર બેઠકો ભરવા માટે એજ્યુકેશનનું સ્તર નીચું લઈ જવું એ યોગ્ય નથી. વધુમાં હાડાએ જણાવ્યું હતું કે આ વર્ષે એડમિશન અંગેનો ઓફર લેટર મળ્યા બાદ એડમિશન મેળવનાર વિદ્યાર્થીઓની ટકાવારી ૨૨ ટકા જેટલી ઘટી છે જેના કારણે વિદ્યાર્થીઓને આકર્ષવા માટે ફી ઘટાડ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. આગામી સમયમાં આ પ્રકારના નિર્ણયો શહેરની અન્ય બિઝનેશ સ્કુલોમાં પણ લેવામાં આવે તેવી પુરી શક્યતા છે. એ.બી. દ્વારા પણ આ વર્ષે ફીમાં રૂપિયા ૨૫,૦૦૦નો ઘટાડો કરવામાં આવ્યો છે. આ અંગે ડેવલપમેન્ટ સાથે સંકળાયેલા કેટલાક સુત્રોના જણાવ્યા અનુસાર આ વર્ષે નબળી ઈકોનોમીને જોતાં દેશની વિવિધ બિઝનેશ સ્કુલોને વિદ્યાર્થીઓ મેળવવામાં ખૂબ મુશ્કેલી સર્જાય તેવી શક્યતા છે. જેના માટે મોટાભાગની બિઝનેશ સ્કુલો માટે બેઠકો કઈ રીતે ભરવી તે વિકટ પ્રશ્ન બન્યો છે. મોટાભાગની બિઝનેશ સ્કુલોમાં ૩૦થી ૫૦ ટકા જેટલી બેઠકો ખાલી રહે તેવી સ્થિતિ સર્જાઈ છે.



'હું અભિમાની નથી એમ કહેનારા જ અભિમાની હોય છે...' આ શબ્દો છે લોકસાહિત્યનાં જાણીતા કલાકાર રાજભા ગઢવીના. ટાઉનહોલ ખાતે જુ.સી.કા.ના ૧૫માં વર્ષની વધામણીના ઉપક્રમે કાર્યક્રમ આપવા આવેલ આ કલાકારે કાર્યક્રમ દરમ્યાન સૌરાષ્ટ્રની ધીંગી ધરાની, વીરતાની, શુરવીરતાની, સેવાની, દેશભક્તિનો. સ્ત્રીશક્તિની, ચારણીશક્તિ બલિદાન, સ્વાભિમાનની વાતોને છંદ-દુહા અને ગીતો દ્વારા હાજર પ્રેક્ષકોના હૃદયના તાર ઝણઝણાવી દીધા હતા. સૌરાષ્ટ્ર ગીરમાં આવેલ કનકાઈના લીલાપાણી નસમાં જન્મેલ રાજભાના માતાપિતા પશુપાલનના વ્યસન સાથે સંકળાયેલ છે. બાળપણથી ગાય-ભેંસ ચરાવતા અને રેડીયો પર સાંભળેલા 'દુલાકાગ'ની વાતો મન પર અસર કરી ગઈ. દિવસ આખો તેમની રચનાઓ લલકારતા-લલકારતા ચારણી સાહિત્યનો પરિચય કેળવ્યો. ૧૮ વર્ષની ઉંમરે વિસાવદર ગામ પાસે રામપરાગામ ખાતે રૂપલ માતાના મંદિરે પ્રથમ વખત જાહેરમાં લોકડાયરાનો કાર્યક્રમ આપ્યો. 'સાયબો ગોવાળીયો'ની સર્જના કરી લોકસાહિત્યમાં એક નવો જ ચીલો પાડનાર રાજભા ગઢવી કદી શાળાએ ગયા નથી. મુંબઈ, નાસિક તેમજ રાજ્યના વિવિધ શહેરોમાં અંદાજીત ૨૪૦૦ જેટલા લોકડાયરાના કાર્યક્રમો રજૂ કર્યા છે. છંદ, દુહા, ગીત એમ ૨૦૦ જેટલી રચનાઓના રચનાકાર આ ચારણી યુવાન રાજભાની વાતો સંસ્કૃતિ, સંસ્કારથી ભરપુર હોય છે. ફિલ્મોમાં ગાવુ નથી હું તો સાહિત્યકાર છુ, સમાજને વિવેકાનંદ, ભગતસિંહ, રાણાપ્રતાપ, શિવાજી, જસારામબાપાની સમર્પણ, સ્વાભિમાનની વાતો કરવી છે. દેશભક્તિ પ્રભુઆસક્તિની વાતો કરી સમાજને, લોકોને, બેન દીકરીઓને સંસ્કારની વાતો કરવી છે. તેમ કવિ દુલાકાગનો પ્રેરણાદાતા માનનારા લોકસાહિત્યકાર રાજભા ગઢવી સંદેશો આપે છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

# રાસલીલાને સમજીએ પરમ આનંદ સમીપે જઈએ !

## વિચારોનાં મધુવનમાં

પ્રા. ડો. રાકેશ પટેલ

જનો વૈ લોક એતાસ્મિન્નવિદ્યાકામકર્મિભિઃ ।
ઉચ્ચાવચાસુ ગતિષુ ન વેદ સ્વાં ગતિ ભ્રમન્ ॥

'આ સંસારમાં જીવ અજ્ઞાનવશ શરીરમાં આત્મબુદ્ધિ કરીને જાત-જાતની કામનાઓ અને તેને પૂરી કરવા માટે અનેક પ્રકારનાં કર્મો કરે છે. પછી તેનાં ફળ સ્વરૂપે દેવતા, મનુષ્ય, પશુ, પક્ષી વગેરે ઊંચી-નીચી યોનિઓમાં ભટકતો ફરે છે, તેથી તે પોતાના સ્વરૂપને જાણી શકતો નથી.'

સદીઓ સુધી વિદેશીઓના હાથ અને પગ નીચે રહેવાને લીધે આપણા પૂર્વજોમાં માનસિક ગુલામી અને વિચાર અંધતા જોવા મળતી હતી. એટલું જ નહીં થોડા ઘણા અંશે આજે પણ સમાજમાં કેટલાક લક્ષણો વડિલોમાં દેખા દે છે. પણ હવે નવી પેઢી એ બધાથી મુક્ત છે. તે સ્વતંત્રતાથી વિચારે છે અને તે પ્રમાણે કામ કરતો થઈ ગયો છે. તેને મંદિરમાં જવાની શરમ નથી આવતી. કારણ કે પહેલાના યુવાનમાં એવી સમજ હતી કે બીજા મને શું કહેશે- જે ગુલામી માનસ વ્યક્ત કરે છેં. કંઈપણ કામ કરતાં પહેલાં નિરાશાવાદી વિચાર પહેલો કરવાનો પછી જ આગળ કામ કરવાનું!

હકિકતમાં તો ભારતીયોની વિચારધારા જ વિશ્વ આખાયે સ્વીકારવી પડે તેમ છે. કારણ કે, આપણી પાસે સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિચારોનો ખૂબ વિશાળ અનુભવ છે. ગાંધીજીના સિદ્ધાંતો, વિવેકાનંદના શૂરવીરતા ભર્યા વિચારો, મહર્ષિ દયાનંદના વિચારપ્રેરક કાર્યો, સરદાર પટેલનું સાહસિક નેતૃત્વ આજે પણ વિશ્વને માર્ગદર્શન આપવા સક્ષમ છે. એ જ રીતે આપણાં શાસ્ત્રોમાં લખાયેલા અદ્ભુત વિચારો બાબતે એક સમયે આપણે લઘુતાગ્રંથી અનુભવતા હતા. જેની જરૂર આજે પણ માનવમાત્રને છે.

શાસ્ત્ર કહે : 'સુખસ્ય દુખસ્ય ન કોઅપિ દાતા, પરો દદાતિ ઈતિ કુબુદ્ધિરેષા । અહમ કરોમિતિ વૃથાભિમાનઃ સ્વકર્મસૂત્રે ગ્રથિતો હિ લોકઃ ॥ અર્થાત્, આપણને સૌને સુખની અને દુખની અનુભતિ થાય છે એ વાત પાકી, પણ પછીની પ્રક્રિયામાં આપણે ક્યાંક ગોથું ખાઈ જઈએ છીએ. કાં તો આપણે પરિસ્થિતીને કારણ માનીએ છીએ અથવા કોઈ વ્યક્તિને માથે જવાબદારી નાખી ઝેરની અને વેરની ખેતી કરવા લાગી જઈએ છીએ. પણ આપણા માટે તેમાંથી મુક્ત થવા માટે ભાગવતપુરાણ આપણને એક સ્વતંત્ર માર્ગ આપ્યો છે જે આપેલ શ્લોકમાં વર્ણવ્યો છે. જેમ કે, સુખ અને દુઃખ કોઈ કોઈને આપી શકતું નથી પણ તેના માટે આપણે પોતે જ કોઈપણ રીતે જવાબદાર હોઈએ છીએ. (તેની પાછળનો કર્તા- કારણ સંબંધ ભલે આપણે ન જાણતા હોઈએ)

રાસલીલાને એ ભાગવતનો પ્રાણ છે. રાસલીલા ઉપર કેટલાય વિચારકો, ભકતો અને સાધુ-સંતોએ ખૂબ ચિંતન કર્યું છે. શ્રીમત્ ભાગવતના દસમાં સ્કન્ધનાં ૨૯ અધ્યાયથી ૩૩ મા અધ્યાય સુધી રાસલીલાનું અદ્ભુત અને જલદી ન સમજી શકાય તેવું વર્ણન કર્યું છે. શુકદેવજી કહે છે, પરીક્ષિત ! શરદ ઋતુ હતી. તેના કારણે મલ્લિકા તથઆ ચમેલી વગેરનાં સુગન્ધિત પુષ્પો ખીલીને મહેકી રહ્યા હતાં. ભગવાને ચીરહરણ વખતે ગોપીઓને જે રાત્રીઓનો સંકેત કર્યો હતો તે બધી જ એકત્રિત થઈને એક રાત્રીના રૂપમાં પ્રકાશિત થઈ રહી હતી. ભગવાને તેમને જોઈ, જોઈને દિવ્ય બનાવી. ગોપીઓ તો ઈચ્છતી જ હતી. હવે ભગવાને પણ પોતાની અચિંત્ય મહાશક્તિ યોગમાયાનો આશ્રય લઈને તેમને નિમિતે બનાવીને રસમયી રાસક્રીડા કરવાનો સંકલ્પ કર્યો. સ્વયં અમના હોવા છતાં પણ તેમણે પોતાના પ્રેમીજનોની ઈચ્છા પૂર્ણ કરવા મનનો સ્વીકાર કર્યો.

વાતાવરણ આકર્ષણ હતું. તે દિવસે ચન્દ્રમંડળ અખંડ હતું. પૂર્ણિમાની રાત્રી હતી. ચન્દ્રમા નવા કેસર જેવા લાલ-લાલ રહ્યા હતા. કાંઈક સંકોચ મિશ્રિત અભિલાષાથી યુકત જણાતા હતા. લક્ષ્મીજીના જેવી મુખકમળની કાંતિવાળા તેઓ ચંદ્રદેવના કોમળ કિરણોથી સંપૂર્ણ વન અનુરાગના રંગમાં રંગાઈ ગયું હતું. વનના ખૂણેખૂણામાં તેમણે પોતાની ચાન્દની દ્વારા અમૃતનો સાગર ભરી દીધો હતો. ભગવાન શ્રીકૃષ્ણે પોતાના દિવ્ય ઉજજવળ રસને જગાડનારી પૂરી સામગ્રી, અને તે વનને જોઈને પોતાની વાંસળી પર વ્રજ સુંદરીઓના મનનું હરન કરનારો કામબીજ 'કલીમ'નો મધુર વેણુનાદ છેડ્યો. શ્રીકૃષ્ણ ગોપીઓને સમજાવે છે કે, તમે અહીં રાત્રીના સમયે ભયાનક વાતાવરણમાં શા માટે આવી છો? ભયાનક જીવજંતુઓ આમતેમ ફરતા હશે. તમારા મા-બાપ, પતિ-પુત્ર વગેરે શોધી રહ્યા હશે. તેમને ચિંતામાં ન મૂકો. શ્રીકૃષ્ણની આ અપ્રિય વાત સાંભળીને ગોપીઓ ખિન્ન થઈ. બધી ગોપીઓ રહે છે : પ્યારા શ્રીકૃષ્ણ તમે ઘટ ઘટમાં વ્યાપ્ત છો. અમારા હૃદયની વાત જાણો છો. તમારે આવા નિષ્ઠુરતાભર્યા વચનો ન કહેવા જોઈએ. અમે બધું છોડીને માત્ર તમારા ચરણોમાં પ્રેમ કરીએ છીએ. તમે જ સમસ્ત દેહધારીઓના મિત્ર છો. આત્મા છો. પરમ પ્રિયતમ છો. આત્મજ્ઞાની કુશળ પુરુષો જ તમને પ્રેમ કરે છે. તેથી અમારા ઉપર પ્રસન્ન થાયઓ। કૃપા કરો. હે કમલનયન અમે ચિરકાલથી તમને પ્રાપ્ત કરવાની આશારૂપી વેલને પાળી-પોષીને હરી-ભરી રાખી ઉછેરી છે તેનું છેદન ન કરો. તમે અમારું ચિત્ત ચોરી લીધું છે.

ત્યારબાદ રાસલીલા શરૂ થાય છે. ભગવાન શ્રીકૃષ્ણ બે-બે ગોપીઓની મધ્યમાં પ્રગટ થઈ ગયા અને તેમના ગળામાં પોતાનો હાથ મૂકી દીધો. આ પ્રમાણે બધી ગોપીઓ કૃષ્ણ સાથે ગોઠવાઈ. બધી ગોપીઓ અનુભવ કરતી હતી કે કૃષ્ણ તો મારી સાથે જ છે. સ્વર્ગમાંથી દેવતાઓ વિમાનમાં આવી આ દિવ્ય રાસલીલા જોતા હતા. પુષ્પ વૃષ્ટિ થઈ.

ભગવાન શ્રીકૃષ્ણનું ભગવત્સરૂપ શરીર તો ચિદાનંદમય છે. તેમાં દેહ-દેહી, ગુણ ગુણી, રૂપ-રૂપી, નામ-નામી અને લીલા પુરુષોત્તમનો ભેદ નથી. ભગવાનની વાંસળી જડને ચેતન, ચલને અચલ, વિક્ષિપ્તને સમાધિસ્થ અને સમાધિસ્થને વિક્ષિપ્ત બનાવતી રહે છે. સાધકોમાં બે ભેદ છે : (૧) મર્યાદાપૂર્ણ વિહિત સાધના (૨) મર્યાદા રહિત અવિહિત પ્રેમ-સાધના. ગોપીઓ બીજા પ્રકારની સાધનામાં લીન બની હતી. જેમ નદી પાર કર્યા પછી નૌકા છૂટી જાય છે. તેમ જીવનની સર્વે પળોજણો પાછળ છૂટી જાય છે. માન અને મદ જ ભગવાનની લીલામાં બાધક છે. જેમણે આધ્યાત્મ શાસ્ત્રનો અભ્યાસ કર્યો હશે. તેઓ જાણતા હશે કે, યોગસિદ્ધને પ્રાપ્ત થયેલા સાધારણ યોગીઓ પણ 'કાયવ્યૂહ' દ્વારા એક સાથે અનેક શરીરોનું નિર્માણ કરી શકે છે અને અનેક સ્થાનો પર ઉપસ્થિત રહીને જુદાં- જુદાં કાર્યો કરી શકે છે. રાસલીલાનો મહિમાશ્રી વલ્લભાચાર્યથી માંડીને શ્રીજીગોસ્વામીએ કર્યો છે. કોઈ આને કામ પરનો વિજય કહે છે. કોઈએ ભગવાનનો દિવ્ય વિહાર બતાવ્યો છે. ભગવાન આત્મા છે. આત્માકાર વૃત્તિ શ્રીરાધા છે અને બાકીની આત્મભિમુખ વૃત્તિઓ તે ગોપીઓ છે.

જીવમાત્ર ગોપીભાવ સુધી પહોંચી શખે છે. ગોપી ભાવ એટલે શું? લૌકિક રીતે જોઈએ તો ધ્યાનમાં આવશે કે જીવમાત્રને કશાકમાં ભળી જવાની, ખોવાઈ જવાની અને કયારેક રડી લેવાની તીવ્ર ઈચ્છા જાગે છે. જેનો આંશિક અનુભવ ઊંઘમાં થાય છે. ઊંઘ એ મૃત્યુ પણ નથી અને જીવન પણ નથી. કારણ કે ત્યારે કશું યાદ નથી, કોઈ સંબંધ નથી. એ જ રીતે સાંસારિક સ્નેહસબંધમાં પણ લૌકિક રીતે સ્ત્રી-પુરુષને એકબીજામાં તીવ્રતાથી ખોવાઈ જવાની લાલસા જાગે છે. ભલે તે કયારેક ભ્રામક લાગે પણ તેમાં પણ ગોપીભાવનો એક અંશ તો છે જ. જયારે કોઈ જીવ કે વ્યક્તિ અખિલ બ્રમાંડમાં વિલસતા દૈવી અને પ્રકાશમય તત્વને જાણવાની શરૂઆત કરે ત્યારથી તેનામાં એક સમજ નિર્માણ થાય છે કે આ જગત એ તો કોઈ દિવ્ય શક્તિ ચલાવી રહી છે. બધા રંગો એ જ પૂરે છે. બધાને તે જ રસાવે છે. આંખમાં જયોતિ સ્વરૂપ તે જ છે. તેની કૃપા સર્વ જીવો પર ઉતરી રહી છે તેથી તો જગત આખું ચમકી રહ્યું છે.

ગોપી શ્રીકૃષ્ણમય બની પોતાની સર્વે એષણાઓ ત્યાગી પરમનો અનુભવ કરવાની તીવ્રતાથી બધું જ છોડીને, ભૂલીને પરમ-રાસ રમવા તત્પર બની છે. આજે પણ ઈશ્વરનો પ્રેમમય, જયોતિમય અને કરુણામય રાસ રમાઈ રહ્યો છે. તેની સાથે ગોપી બનવાની આપણી તૈયારી છે ખરી!